GJTP050013352025

સત્યમેવ જયતે

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૫/૧૧/૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | ૧૫/૧૧/૨૦૨૫ | | |
| નિર્ણય તારીખ | ૨૭/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૦** | **૦૮** | **૧૨** |

---

**ઉચ્છલના મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉચ્છલ.**

**પ.ફો.અરજી નંબર:– ૭૯/૨૦૨૫**

---

**આંક–૨૪**

(૧) **એલીષાબેન મનિષભાઈ વસાવા,**

ઉ.વ.આ.–૨૯, ધંધો–ઘરકામ,

(૨) **સગીર કૃષ્ણાભાઈ મનિષભાઈ વસાવા,** ઉ.વ.આ.–૧૨ વર્ષ,

(૩) **સગીર લક્ષ્મણભાઈ મનિષભાઈ વસાવા,** ઉ.વ.આ.–૧૦ વર્ષ,

અરજદાર નં.૧ ના જાતે તથા અરજદાર નં.૨, ૩ ના–

કુદરતી વાલી તથા ઈષ્ટમિત્રના દરજ્જે,

તમામ રહે.–જામલી, તા.ઉચ્છલ, જી.તાપી. **અરજદાર**

**–: વિરુધ્ધ :–**

**મનિષભાઈ ધર્માભાઈ વસાવા,**

ઉ.વ.આ.–૩૨, ધંધો–ખેતી,

રહે.– જામલી, તા.ઉચ્છલ, જી.તાપી. **સામાવાળા**

**બાબત** :– **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૪૪ હેઠળ ભરણપોષણ મેળવવાની અરજી.**

અરજદાર તરફે :– વિ.વ.શ્રી. બી.બી.વસાવા.

સામાવાળા તરફે :– વિ.વ.શ્રી. આર.એન.ગામીત.

**–: : ઠ રા વ : :–**

**(૧) અરજદારની અરજીની હકીકતો:–**

**(૧.૧)** અરજદારની અરજીની હકીકતો એવી છે કે, અરજદાર નં.૧ ના લગ્ન સામાવાળા સાથે આશરે ૨૦૧૨ માં થયેલા. જેમાં અરજદાર તથા સામાવાળાને પ્રેમ સંબંધ જઈ જતા તેઓએ ભાગી જઈ આદિવાસી જ્ઞાતિના રીતીરીવાજ મુજબ લગ્ન કરેલા. જે સમયે પક્ષકારોના માતા પિતા, ગામના પંચો અને વડીલોએ ભેગા મળી તેઓના પ્રેમ લગ્નને સંમતિ આપી પતિ–પત્ની તરીકે જાહેર કરેલા. ત્યારથી અરજદાર તથા સામાવાળા પતિ પત્ની થયેલા. સદર લગ્ન જીવનથી પક્ષકારોને બે સંતાનો છે જે અરજદાર સાથે રહે છે.

**(૧.૨)** અરજદાર વધુમાં જણાવે છે કે, લગ્ન બાદ તેઓ સામાવાળાના ઘરે જામલી મુકામે રહેવા માટે ગયેલ જયાં તેઓ સામાવાળાના ઘરનું તથા ખેતરનું કામકાજ કરી અને તેઓના માતા પિતાની સેવા ચાકરી કરી તથા પત્ની તરીકેની તમામ ફરજો તથા જવાબદારીઓ નિભાવતા હતા. તેઓ છ વર્ષ સુધી સામાવાળા સાથે સંયુકત કુંટુંબમાં રહેલા. ત્યારબાદ અરજદારો તથા સામાવાળા અલગથી રહે છે. લગ્ન બાદ અરજદારને સામાવાળાએ ચાર વર્ષ સુધી સારી રીતે રાખેલ ત્યારબાદ સામાવાળાને દારૂનું વ્યસન હોવાથી તેઓ અરજદારને નાની નાની બાબતોમાં શારીરીક તથા માનસિક ત્રાસ આપતા હતા.

**(૧.૩)** અરજદાર વધુમાં જણાવે છે કે, સામાવાળા તેઓને ત્રાસ આપતા હતા અને આ હકીકત તેઓ તેમના સાસુ સસરાને જણાવેલ પરંતુ, તેઓ પણ તેમનો સાથ આપતા ન હતા. આ વર્ષે અરજદાર તથા સામાવાળા બહાર ગામ મજુરીએ ગયેલ ત્યાં સામાવાળાએ દારૂનો નશો કરી અરજદારને ખુબ ખરાબ ગાળો બોલી માર મારેલ. જેની જાણ અરજદારે સાસુ સસરાને કરતા તેઓએ ઉલ્ટાનો અરજદારને માર મારેલ. જેથી અરજદાર ઉચ્છલ પો.સ્ટે.માં ફરીયાદ આપવા જતા હતા પરંતુ, પંચોના કહેવાથી ફરીયાદ આપેલ નહિં અને ગામના પંચો તથા વડીલો રૂબરૂ સમાધાન કરી સાથે રહેવા ગયેલ. તેમ છતાં સામાવાળા કે તેમના સ્વભાવમાં કોઈ ફેર પડેલ નહિં. તેમજ સામાવાળા મોજે આમલાણ, તા.નવાપુર, જી.તાપીના સુવાર્તીબેન રતીલાલભાઈ વસાવેની સાથે આડો સંબંધ રાખી ફેબ્રુઆરી–૨૦૨૫ થી સુવાર્તીબેન સાથે પતિ–પત્ની તરીકે રહી જીવન ગુજારતા આવેલ છે અને સામાવાળા અરજદાર કે બાળકોની કોઈ દેખભાળ કે સંભાળ લેતા નથી કે કોઈ જવાબદારી નિભાવતા નથી. જયારે અરજદાર સગીર બાળકો સાથે રહી તેમનું ભરણપોષણ કરે છે નિ:સહાય અવસ્થામાં જીવન ગુજારે છે. જેથી અરજદારને હાલની અરજી કરવાની ફરજ પડેલ છે.

**(૧.૪)** અરજદાર વધુમાં જણાવે છે કે, સામાવાળા શરીરે સશકત ઈસમ છે અને ખેતી માંથી વાર્ષિક રૂપિયા ત્રણથી ચાર લાખની આવક મેળવે છે. તેમજ સુરત સાડીની કંપનીમાં કામ કરી માસિક રૂપિયા વીસ હજાર પગાર મેળવે છે. જયારે અરજદારો નિરાધાર છે. અરજદાર અત્રેની કોર્ટની હકુમતમાં વસવાટ કરતા હોવાથી અત્રેની અદાલતને કેસનું ન્યાયિક નિરાકરણ કરવાની સતા છે.

**(૧.૫)** અરજદારે હાલની અરજી દાખલ કરી દાદ માંગેલ છે કે, સામાવાળા અરજદાર નં.૧ ને માસિક રૂા.૭,૦૦૦/– તથા અરજદાર નં.૨ ને માસિક રૂા.૪,૦૦૦/– તથા અરજદાર નં.૩ ને માસિક રૂા.૩,૦૦૦/– ભરણપોષણ પેટે અરજીની તારીખથી ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. તેમજ અરજીનો ખર્ચ સામાવાળા પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**(૨) સામાવાળા તરફથી જવાબ :–** અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તેમના વિ.વ.શ્રી. મારફત હાજર થયેલ. સામાવાળા દવારા આંક–૦૮ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ છે કે, અરજદારની અરજી ખોટી તથા ગેરકાયદેસર છે. અરજદારે કાયદાની જોગવાઈઓનો ગેરલાભ લેવા માટે હાલની અરજી કરેલ છે. અરજદારે અરજીમાં ભરણપોષણ મેળવવાના કાયદાકીય તત્વો જણાવેલ નથી. ત્યારબાદ સામાવાળા તરફથી અરજદારની અરજીની હકીકતોને પેરગ્રાફ વાઈઝ નકારવામાં આવેલ છે. સામાવાળા વધુમાં જણાવે છે કે, સગીર પુત્ર કૃષ્ણાભાઈ નાઓ તેઓની સાથે રહે છે અને તેઓનું ભરણપોષણ સામાવાળા કરે છે જે હકીકત અરજદારે છુપાવેલ છે. સામાવાળાએ અરજદારને કોઈપણ પ્રકારનો ત્રાસ આપેલ નથી. સામાવાળા મજુરી કરીને ગુજરાન ચલાવતા હોય તેઓ બીજી જગ્યાએ મજુરી કામે જવાનું થાય તો અરજદાર તેમના ઉપર વહેમ અને શંકા રાખી તેઓ તથા તેઓના માતાપિતા સાથે ઝઘડા કરે છે. સામાવાળા અરજદાર તથા સગીરોની તમામ પ્રકારની જવાબદારી નિભાવતા આવેલ છે. જયારે અરજદાર પોતે બીજા સાથે આડા સંબંધ રાખી પતિ–પત્ની તરીકે જીવન જીવતા આવેલ છે.

**(૨.૧)** સામાવાળા વધુમાં જણાવે છે કે, અરજદારને સામાવાળા સાથે રહેવું ગમતું ન હોવાથી તેઓ સામાવાળા પાસેથી રૂપિયા ત્રણ લાખ લઈને છુટાછેડા માંગતા હતા અને જેમાં સામાવાળાએ ના પાડતા અરજદારે હાલની આ ખોટી અરજી કરેલ છે. અરજદાર જણાવે છે તેવી કોઈ આવક સામાવાળા ધરાવતા ન હોવાનું જણાવેલ છે અને તેઓ મજુરી કામ કરી દિવસના રૂા.૨૦૦/– મેળવતા હોવાનું જણાવેલ છે. આમ, અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**(૩) પક્ષકારોએ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :–**

- આ કામે અરજદારે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૧૦ | અરજદાર– એલિશાબેન મનીષભાઈ વસાવાની જુબાની. |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગત.** |
|---|---|---|
| (૧) | ૧૩ | અરજદાર નં.૧ નું આધારકાર્ડ, |
| (૨) | ૧૪ | અરજદાર નં.૨ નું આધારકાર્ડ, |
| (૩) | ૧૫ | અરજદાર નં.૩ નું આધારકાર્ડ, |
| (૪) | ૧૬ | અરજદાર નં.૨ નું જન્મનું પ્રમાણપત્ર, |
| (૫) | ૧૭ | અરજદાર નં.૩ નું જન્મનું પ્રમાણપત્ર, |
| (૬) | ૧૮ | અરજદારનું મિલ્કત અને જવાબદારીનું સોગંદનામું, |
| (૭) | ૨૦ | કલોઝીંગ પુરશીશ. |

- આ કામે અરજદાર તરફે કલોઝીંગ પુરશીશ રજુ કર્યા બાદ કામ સામાવાળાના પુરાવા ઉપર આવેલ. ***પરંતુ, સામાવાળાને પોતાનો પુરાવો રજુ કરવા માટે પુરતી મુદત આપવા છતાં તેઓ તરફથી પુરાવો રજુ કરવામાં આવેલ ન હોવાથી સામાવાળા તરફથી આંક–૨૩ થી પુરાવા રજુ માટેની મુદત અરજી નામંજુર કરી સામાવાળાના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. પરંતુ, આ કામે સામાવાળાના વિ.વ.શ્રી દવારા અરજદારની સંપુર્ણ ઉલટ તપાસ કરવામાં આવેલ છે.***

**(૪) પક્ષકારોની દલીલો :–**

પક્ષકારોના પુરાવા પુર્ણ થાય બાદ અત્રેની કોર્ટે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળેલ છે. જેઓએ રેકર્ડ ઉપરના પુરાવાઓ મુજબની દલીલો કરેલ છે. જેને પુનરાવર્તન ટાળવાના

હેતુસર લખવામાં આવેલ નથી. પરંતુ, તેમણે કરેલ તમામ દલીલો અત્રેની અદાલત દવારા ધ્યાને લેવામાં આવેલ છે.

**(૫) નિર્ણય માટેના મુદાઓ અને જવાબ:-**

- આ કામના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળાના કાયદેસરના પત્ની થાય છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળાએ અરજદારનો કોઈપણ જાતના વ્યાજબી અને પુરતાં કારણો વગર ત્યાગ કરી ભરણપોષણ કરવામાં બેદરકારી અને ઉપેક્ષા સેવેલ છે ?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, આ કામના સામાવાળા આવકના પુરતા સાધન ધરાવે છે ?

(૪) શું અરજદાર આ કાયદા અન્વયે સામાવાળા પાસેથી માંગ્યા મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર છે ? જો હા, તો માસિક કેટલી રકમ અને કયારથી ?

(૫) શું હુકમ ?

- ઉપરોકત મુદાઓના નીચે જણાવેલ કારણોસર મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) હકારમાં,

(૪) અંશત: હકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

## // નિર્ણય અંગેના કારણો //

- **મુદ્દા નંબર–૧ તથા ૨ :–**

(૬) ઉપરોકત તમામ મુદાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય જેથી સરળતા ખાતર અને પુનરાવર્તન ટાળવા સારૂ બંને મુદાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૭) સૌપ્રથમ આ અરજીનો નિર્ણય કરતા પહેલાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૪૪) ને ઘડવાનો ઈરાદો તથા હેતુ શું હતો તે ન્યાયિક ચુકાદાઓના આધારે જાણવું જરૂરી છે. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલત દવારા ***Kirtikant D.Vadodaria Versus State Of Gujarat*** ***reported in 1996 (0) AIJEL-SC 14643*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***PARA-15. .... While dealing with the ambit and scope of the provision contained in Sec. 125 of the Code, it has to be borne in mind that the dominant and primary object is to give social justice to the woman, child and infirm parents, etc. and to prevent destitution and vagrancy by compelling those who can support those who are unable to support themselves but have a moral claim for support. The provisions in Sec. 125 provide a speed remedy to those women, children and destitute parents who are in distress. The provisions in Sec. 125 are intended to achieve this special purpose. The dominant purpose behind the benevolent provisions contained in Sec. 125 clearly is that the wife, child and parents should not be left in a helpless state of distress, destitution and starvation. Having regard to this social object the provisions of Sec. 125 of the Code have to be given a liberal***

> ***construction to fulfil and achieve this intention of the Legislature."***

<u>**(૭.૧)**</u> તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ***<u>Chanchalben Purusottambhai Patel Versus Madhukantbhai Purusottam Patel</u>*** ***reported in*** ***<u>1995 (0) AIJEL-HC 202057</u>*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***"the object underlying Sec. 125 of the Code is quite specific and crystal clear <u>to provide cheap, speedy and summary remedy to the destitute dependants down in the street all of a sudden so as to immediately render them some succour to withstand and survive the catastrophe and predicament in which they are placed.</u> If this much needed judicial consciousness and activism is not injected in the working of learned Magistrates and developed to take care of the most needy section of the society, the maintenance proceedings under Sec. 125 would lose all its benevolent significance and as a result what ought we know some frustrated soul may even brand such proceedings as 'catching at straw' . Quite rightly, perhaps."***

<u>**(૭.૨)**</u> હવે આ કામે રજુ કરેલા પુરાવાની ગુણદોષ ઉપર ચર્ચા કરતા પહેલાં, ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ−૧૨૫ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ−૧૪૪) નો ઉદેશ જોઈએ તો, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ−૧૨૫(૧)(એ) મુજબ...

> *'' જે કોઈ વ્યકિત પાસે આવકના પુરતા સાધનો હોવા છતાં, પોતાનું ભરણપોષણ કરી શકવાને અસમર્થ એવી પોતાની પત્નીનું ભરણપોષણ કરવામાં બેદરકાર રહે અથવા ભરણપોષણ કરવાનો ઈન્કાર કરે, તો આવી બેદરકારી અથવા ઈન્કારની સાબિતી પરથી*

*ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ તે વ્યકિતની પત્ની, બાળક કે મા–બાપનાં ભરણપોષણ માટે, પોતાને યોગ્ય લાગે તેવા માસિક દરે દર માસે ભરણપોષણની રકમ મેજીસ્ટ્રેટ જે વ્યકિતને વખતોવખત ચુકવી આપવાનો હુકમ કરે તેને ચુકવવાનો તે વ્યકિતને હુકમ કરી શકશે.''*

આમ, આ કલમનો હેતુ આવકના પુરતા સાધનો હોવા છતાં, આશ્રિત હોય તેવી પત્ની, સગીર સંતાનો તેમજ માતા–પિતાનું જે વ્યકિત ભરણપોષણ કરતી નથી તેનાથી રક્ષણ આપવાનો સામાજીક ન્યાયી ઉદેશ છે. જેથી કરીને તેવી વ્યકિત સમાજના કોઈ દુષણનો ભોગ ન બને અને ગુનો કરતી અટકે તેવી હકીકતોને લક્ષમાં લેતા કલમ–૧૨૫ (નવા કાયદાની કલમ–૧૪૪) હેઠળની અરજીને અત્યંત ટેકનીકાલીટીથી ન જોતાં અને સાબિતીના બોજાને ચુસ્તપણે વળગી ન રહેતા પુરાવાનું લીબરલ અર્થઘટન કરી નિર્ણય કરવો જોઈએ. કલમ–૧૨૫ નો હેતુ ભરણપોષણના હુકમ દવારા તેવી વ્યકિતને સજા કરવાનો નથી પરંતુ, તેવી વ્યકિતને માત્ર ફજર પાલન કરવા માટેનો આ પ્રબંધ કરવામાં આવેલ છે.

__(૮)__ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૪૪ મુજબની હકીકતો પુરવાર કરવા માટે અરજદારપક્ષે પ્રથમ દર્શનીય રીતે સામાવાળા કમાવાના પુરતા સાધનો ધરાવતા હોવા છતાં અરજદારની સામાવાળા દવારા ભરણપોષણ કરવાની ઉપેક્ષા કરેલ છે અથવા તો ઈન્કાર કરેલ છે તેવી હકીકત સાબિત કરવી જોઈએ. અલબત ઉપેક્ષા અથવા તો ઈન્કાર એ તમામ કેસમાં અલગ–અલગ સંજોગો ઉપર આધાર રાખે છે. ઉપેક્ષા કે ઈન્કારનો તત્વ ફલીત થાય તો જ ભરણ પોષણનો હુકમ કરી શકાય. ઉપેક્ષા તથા ઈન્કાર કરવામાં આવ્યો છે તે સાબિત કરવા માટે માનસિક અથવા શારીરીક ત્રાસ આપવામાં આવ્યો છે તે માટેનો પુરાવો આપી શકાય. ઉપેક્ષા તથા ઈન્કાર પ્રત્યક્ષ પણ હોઈ શકે તથા ગર્ભિત રીતે પણ ફલીત થાય તે અંગેની કોઈ નિશ્ચિત વ્યાખ્યા કે તેની નોંધ તૈયાર કરી શકાય નહિં. ઉપેક્ષા એ ભાવાત્મક શબ્દ છે તેમજ માનસિક પ્રક્રિયા દવારા ફલીત થતી લાગણી છે. ઉપેક્ષા સામાન્ય રીતે વાણી અને વર્તનમાંથી

ઉતરી આવે છે. પત્નીના કિસ્સામાં જોવામાં આવે તો, પત્નીને અંગત જીવનમાં કૌટુંબિક રીતે તથા બાહ્ય જીવનમાં સામાજીક રીતે એક પત્નીનો દરજ્જો પ્રાપ્ત થાય તે આવશ્યક છે. સતત અપમાનીત વ્યવહાર માનસિક ત્રાસ ગણાય. તેમજ પોતાની પત્ની હયાત હોવા છતાં, છુટાછેડા લીધા વગર બીજી પત્ની/સ્ત્રી સાથે રહેવું, તે પ્રત્યક્ષ ઉપેક્ષા તથા આડકતરો ઈન્કાર ગણી શકાય. તેના કારણે વ્યકિતનું સ્વમાન ઘવાય છે અને લાગણી દુભાય છે. માત્ર બે વખતનું જમવાનું મળે અને રહેવા માટેનો આશ્રય મળે તે ભરણ પોષણ માટે પુરતું નથી. પરંતુ, માનવીને માનવ તરીકે મુલવામાં આવે તે બાબત પણ અગત્યની છે.

**<u>(૯)</u> <u>અરજદાર સામાવાળાના પત્ની થાય છે કે કેમ ? તે અંગે ચર્ચા :-</u>**

**<u>(૯.૧)</u>** સૌપ્રથમ અરજદારના કેસ મુજબ, અરજદાર નં.૧ ના લગ્ન સામાવાળા સાથે આશરે ૨૦૧૨ માં થયેલા અને જેમાં અરજદાર તથા સામાવાળાને પ્રેમ સંબંધ જઈ જતા તેઓએ ભાગી જઈ આદિવાસી જ્ઞાતિના રીતીરીવાજ મુજબ લગ્ન કરેલા. જે સમયે પક્ષકારોના માતા પિતા, ગામના પંચો અને વડીલોએ ભેગા મળી તેઓના પ્રેમ લગ્નને સંમતિ આપી પતિ-પત્ની તરીકે જાહેર કરેલા. તેમજ આ લગ્નજીવનથી તેઓને બે સંતાનો પણ છે. સામાવાળાના દવારા પોતાના જવાબમાં કાયદેસર લગ્ન થયેલ ન હોવાની બાબત સ્પષ્ટપણે નકારવામાં આવેલ નથી અને જવાબમાં બીજો પુત્ર તેમની સાથે રહેતો હોવાનું જણાવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં, અરજદાર નં.૧ તથા સામાવાળા લગ્ન જીવનથી જોડાયેલ હોવાનું માની શકાય તેમ છે. એટલું જ નહિં, સામાવાળા તરફથી અરજદારની ઉલટ તપાસમાં પુછાયેલ છે કે, '' *એ વાત ખરી નથી કે, મારા સામાવાળા સાથે કાયદેસરના લગ્ન થયેલ નથી. એ વાત ખરી નથી કે, મને તથા સામાવાળાને પંચો રૂબરૂ જોડેલ ત્યારે કોઈ લખાણ કરવામાં આવેલ ન હતું. એ વાત ખરી છે કે, આ લખાણ મે અરજીના કામે રજુ કરેલ નથી.* ***<u>એ વાત ખરી છે કે, હું સામાવાળા સાથે જ્યારથી જોડાઈ ત્યારથી સારી રીતે રહેતી હતી. એ વાત ખરી નથી કે, સામાવાળા મારૂ તથા બાળકોનું ભરણપોષણ શરૂઆતથી સારી રીતે કરતા આવેલ. સામાવાળા સાથેના લગ્નજીવનથી</u>***

***મને બે સંતાનો છે.*** *એ વાત ખરી નથી કે, અરજદાર નં.ર સગીર કૃષ્ણાભાઈ પહેલેથી જ સામાવાળા સાથે રહે છે. સાહેદ જણાવે છે કે, મારી સાથે રહે છે.* ***એ વાત ખરી છે કે, લગ્ન બાદ હું સામાવાળાના ઘરે સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલ હતી.*** '' જેથી અરજદારે તેઓના કાયદેસરના લગ્ન સામાવાળા સાથે થયેલ નથી તે હકીકત સ્પષ્ટપણે નકારેલ છે. તેમજ સામાવાળા તરફથી પણ ઉલટ તપાસમાં અરજદાર સામાવાળા સાથે જોડાયેલ હોવાની હકીકત, સામાવાળા અરજદાર તથા બાળકોનું ભરણપોષણ શરૂઆતથી સારી રીતે કરતા હોવાની હકીકત, પક્ષકારોને લગ્ન જીવનથી બે સંતાનો હોવાની હકીકત, અરજદાર લગ્ન બાદ સામાવાળાના ઘરે સંયુકત કુંટુંબમાં રહેવા માટે ગયેલ હોવાની હકીકત પુછવામાં આવેલ છે. જેમાં અરજદાર તથા સામાવાળા લગ્ન જીવનમાં રહેલ હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી અરજદાર તથા સામાવાળા કાયદેસરના પતિ-પત્ની છે તે હકીકત પુરવાર થાય છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ હેઠળ ભરણપોષણ મેળવતા સમયે લગ્ન પુરવાર કરવાના સ્ટાર્ન્ડડ ઓફ પ્રુફ અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Kamala Versus M.R.Mohan Kumar reported in 2018 (0) AIJEL-SC 62968*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***PARA-15. Unlike matrimonial proceedings where strict proof of marriage is essential, in the proceedings under Section 125 Cr.P.C., such strict standard of proof is not necessary as it is summary in nature meant to prevent vagrancy.*** ***In Dwarika Prasad Satpathy v. Bidyut Prava Dixit (1999) 7 SCC 675, this Court held that "the standard of proof of marriage in a Section 125 proceeding is not as strict as is required in a trial for an offence under Section 494 IPC.*** ***The learned Judges explained the reason for the aforesaid finding by holding that an order passed in an application under Section 125 does not really determine the rights and obligations of the parties as the section is enacted with a view to provide a summary remedy to neglected wives to obtain maintenance. The learned Judges held that maintenance cannot be denied where there was some evidence on which conclusions of living together could be reached."*** ***....***

**(૯.૨)** આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૨૫ અન્વયેની અરજીનો નિર્ણય કરતા સમયે સ્ટ્રીકટ પ્રુફ ઓફ મેરેજની જરૂરીયાત નથી. હાલના કેસમાં સામાવાળા તરફથી અરજદારની ઉલટ તપાસમાં જે પ્રશ્નો પુછાયેલ છે તેના પરથી અરજદાર તથા સામાવાળા લગ્ન જીવનમાં રહેલ હોવાનું સ્પષ્ટપણે ફલીત થાય છે અને તેનાથી પક્ષકારોને બે સંતાનો પણ છે. એટલું જ નહિં, સામાવાળા તરફથી તેમના લગ્ન અરજદાર સાથે કાયદેસર રીતે થયેલ નથી તે હકીકત પુરવાર કરવા કોઈ પુરાવો પણ આપવામાં આવેલ નથી. જેથી અરજદાર તથા સામાવાળાના કાયદેસરના પત્ની થતા હોવાનું પુરવાર થાય છે. ***આમ, મુદા નં.૧ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.***

**(૧૦) ઉપેક્ષા તથા ઈન્કાર અંગે પુરાવાનું વિશ્લેષણ :–**

**(૧૦.૧)** આ કામમાં રેકર્ડ ઉપરની હકીકતોને લક્ષમાં લેતાં તેમજ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ, અરજદાર સામાવાળાના પત્ની થતા હોવાનું પુરવાર થયેલ છે. આ કામે અરજદારે પોતાની અરજીની હકીકતો પુરવાર કરવા માટે આંક–૧૦ થી પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં અરજીમાં જણાવેલ તમામ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જેથી અરજદારે સામાવાળાએ તેમની સાથે કરેલ ભાવનાત્મક હિંસા અંગે, ઘરેલું હિંસા અંગે તેમજ આર્થિક અને શારીરીક મારકુટ કરી અપમાનીત કરેલ છે તે સંબંધે સ્પષ્ટપણે પુરાવો આપેલ છે. જયારે અરજદારની ઉલટ તપાસમાં સામાવાળા તેનાથી કોઈ વિરૂધ્ધની અને કેસના મુળને અસર પહોંચે તેવી કોઈ ફળદાયી હકીકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. એટલું જ નહિં, ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૧૪૪ (ક્રિ.પ્રો.કોડની કલમ–૧૨૫) ઘડવા પાછળનો હેતુ નજર સમક્ષ રાખતા અરજદારે ઉચ્ચારેલ હકીકતો ન માનવાને કોઈ કારણ નથી. એટલું જ નહિં, કોઈપણ પત્નીને સારી રીતે રાખવાની અને તેનું ભરણપોષણ કરવાની જવાબદારી પ્રાથમિક રીતે પતિની હોય છે. આ કામે રેકર્ડ ઉપરની હકીકતોથી એ સાબિત થાય છે કે, હાલમાં સામાવાળા દવારા અરજદારને તથા બાળકોને કોઈ

ભરણપોષણ ચુકવવામાં આવતું નથી કે અરજદારોના કોઈ ભરણપોષણની વ્યવસ્થા સામાવાળા દવારા કરવામાં આવેલ નથી.

**<u>(૧૦.૨)</u>** વધુમાં, અરજદારે જણાવેલ હકીકતો જેવી કે, લગ્ન બાદ અરજદારને સામાવાળાએ ચાર વર્ષ સુધી સારી રીતે રાખેલ ત્યારબાદ સામાવાળાને દારૂનું વ્યસન હોવાથી તેઓ અરજદારને નાની નાની બાબતોમાં શારીરીક તથા માનસિક ત્રાસ આપતા હોવાની બાબત, આ વર્ષે અરજદાર તથા સામાવાળા બહાર ગામ મજુરીએ ગયેલ ત્યાં સામાવાળાએ દારૂનો નશો કરી અરજદારને ખુબ ખરાબ ગાળો બોલી માર મારેલ હોવાની બાબત, સામાવાળા મોજે આમલાણ, તા.નવાપુર, જી.તાપીના સુવાર્તીબેન રતીલાલભાઈ વસાવેની સાથે આડો સંબંધ રાખી ફેબ્રુઆરી–૨૦૨૫ થી સુવાર્તીબેન સાથે પતિ–પત્ની તરીકે રહી જીવન ગુજારતા આવેલ છે અને સામાવાળા અરજદાર કે બાળકોની કોઈ દેખભાળ કે સંભાળ લેતા નથી કે કોઈ જવાબદારી નિભાવતા નહિં હોવાની બાબત, જયારે અરજદાર સગીર બાળકો સાથે રહી તેમનું ભરણપોષણ કરે છે નિ:સહાય અવસ્થામાં જીવન ગુજારતા હોવાની બાબત અંગે કોઈ વિરોધાભાસી હકીકતો સામાવાળા રેકર્ડ ઉપર લાવી શકેલ ન હોવાથી અરજદારની આ હકીકતો ના માનવાને કોઈ કારણ નથી. આમ, અરજદારે સામાવાળા દવારા તેમની ઉપેક્ષા તથા ઈન્કાર કરેલ છે તે પુરવાર થાય છે.

**<u>(૧૦.3)</u>** તેમજ ના.ગુજરાત હાઈકોર્ટ દવારા ***<u>Induben Vrajlal Rabari Versus Vrajlal Ramjibhai Rabari</u> reported in <u>1993 (0) AIJEL-HC 205109</u>*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***<u>PARA-10.</u> In my view, there was no reason to disbelieve the evidence of the wife on the point of neglect. <u>She has stated on oath before the Court, but the learned Judge has discarded her</u>***

***evidence on the ground that no independent witness was examined by her on the point of cruelty and mental torture as deposed by her.*** *It seems that the learned Judge has forgotten the realities of life that normally a Hindu wife would not make complaint about ill-treatment by her husband to others.* ***The learned Judge has also forgotten the fact that in the house of the husband no one else was living. There may not be any independent evidence on the point of cruelty and mental torture. If the wife has stated before the Court on oath that she was physically and mentally tortured by her husband and her evidence in cross is not shaken, then there is no reason for the Court not to believe her evidence.*** *In this case her evidence is also corroborated by the fact that since the year 1982 till the year 1987 the husband has not sent any amount for her maintenance nor he has bothered to maintain them, which will go to show that the husband was not at all willing to keep her. Therefore, in my view both the Courts below have committed an error in not accepting the evidence of the wife.*

*PARA-13.* ***The learned Judge ought to have appreciated the fact that the provisions of Sec. 125 is a measure of social justice and law must***

***progress. It is needless to say that when the wife comes before the Court with a plea that she is entitled to get maintenance from her husband, before arriving at a finding whether she is entitled for maintenance or not, the Court must take genuine interest to find out the truth of the matter. Sec. 125 of Cr. P. C., as stated above, is a measure of social justice and specially enacted to protect woman, who is neglected by her husband, who is bound to maintain her and, therefore, while interpreting the said section out of two alternatives, one which advances the cause of derelicts must be preferred by the Court and not which frustrates its very purpose.***

***PARA-14. The approach of the Courts while considering the plea of one who claims maintenance should be liberal and to that extent the provisions of Sec. 125 of Cr. P.C. must be liberally construed.*** *It is only when the plea raised by one,* ***who is alleged to be liable to pay the amount of maintenance is concerned, the case made out by him disputing the plea of the applicant, who claims maintenance, must be considered by adopting standard of strict proof.*** *The ends of justice must be served and* ***not frustrated by taking technical view.*** *The learned Judge committed an error in holding that no independent witness has been examined by the wife*

***in support of her evidence. Her evidence on oath, not shaken in cross-examination, was sufficient to award the maintenance. Therefore, the impugned order passed by the learned Judge rejecting the Revision Application of wife is required to be set aside.***

<u>(૧૦.૪)</u> વધુમાં, સામાવાળા તરફથી પોતાના જવાબમાં સગીર બાળક કૃષ્ણાભાઈ નાઓ તેમની સાથે રહેતા હોવાનું જણાવેલ છે. પરંતુ, અરજદારે પોતાની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' *એ વાત ખરી નથી કે, અરજદાર નં.૨ સગીર કૃષ્ણાભાઈ પહેલેથી જ સામાવાળા સાથે રહે છે. સાહેદ જણાવે છે કે, મારી સાથે રહે છે.* '' જેથી અરજદારના ઉલટ તપાસમાં જણાવ્યા મુજબ, સગીર કૃષ્ણાભાઈ તેઓની સાથે રહે છે. જયારે સામાવાળા દવારા પોતે હાજર રહી કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. જેથી સામાવાળાના ફકત પ્લીડીંગને પુરાવાની ગેરહાજરીમાં માની શકાય નહિં. જેથી સામાવાળા સગીર કૃષ્ણાભાઈ નાઓ તેઓની સાથે રહે છે તે હકીકત પુરવાર કરી શકેલ નથી.

<u>(૧૦.૫)</u> <u>*આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતાં, સામાવાળાએ અરજદારોની ઉપેક્ષા અગર ત્યાગ કરેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર આવે છે. જેથી મુદા નં.૨ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.*</u>

## <u>(૧૧) મુદા નં.3 : આવકના પુરતા સાધનો :-</u>

<u>(૧૧.૧)</u> અરજદારે દાદ માંગેલ છે કે, સામાવાળા અરજદાર નં.૧ ને માસિક રૂા.૭,૦૦૦/- તથા અરજદાર નં.૨ ને માસિક રૂા.૪,૦૦૦/- તથા અરજદાર નં.3 ને માસિક રૂા.૩,૦૦૦/- ભરણપોષણ પેટે અરજીની તારીખથી ચુકવી આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. અરજદારે સામાવાળાની આવક વિશે જણાવેલ છે કે, '' *સામાવાળા શરીરે સશકત ઈસમ છે અને ખેતીમાંથી વાર્ષિક રૂપિયા ત્રણથી ચાર લાખની આવક મેળવે છે. તેમજ સુરત સાડીની કંપનીમાં કામ કરી માસિક રૂપિયા વીસ હજાર પગાર મેળવે છે.* '' આ કામે ફકત

અરજદારે નામદાર સર્વોચ્ચ અદાલતના રજનીશ વિરુધ્ધ નેહાના ચુકાદા મુજબ, આંક–૧૮ થી થી મિલ્કત અને જવાબદારીનું સોગંદનામું રજુ રાખેલ છે. જયારે સામાવાળા તરફથી આવું કોઈ સોગંદનામું રજુ કરવામાં આવેલ નથી. જેથી સામાવાળા તરફથી જાણીબુઝીને પોતાની આવક તથા મિલ્કતો અંગેની માહિતીઓ છુપાવવામાં આવેલ છે તેવું માનવાને કારણ રહે છે. જે અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Rajnesh Versus Neha And Another reported in 2020 (0) AIJEL-SC 66659*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

> ***" An able-bodied husband must be presumed to be capable of earning sufficient money to maintain his wife and children, and cannot contend that he is not in a position to earn sufficiently to maintain his family, as held by the Delhi High Court in Chander Prakash Bodhraj vs. Shila Rani Chander Prakash, AIR 1968 Delhi 174. The onus is on the husband to establish with necessary material that there are sufficient grounds to show that he is unable to maintain the family, and discharge his legal obligations for reasons beyond his control. If the husband does not disclose the exact amount of his income, an adverse inference may be drawn by the Court."***

**(૧૧.૨)** આ કામે અરજદારના જણાવ્યા મુજબ, સામાવાળા ખેતીમાંથી આશરે ત્રણ થી ચાર લાખ રૂપિયા વાર્ષિક આવક મેળવે છે તથા સુરત સાડીની કંપનીમાં કામ કરી માસિક રૂપિયા વીસ હજાર પગાર મેળવે છે. પરંતુ, તેના કોઈ દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. પરંતુ, સામાવાળા પોતે એબલ બોડીના છે અને તેવા સંજોગોમાં એબલ બોડીના સિધ્ધાંત મુજબ, સામાવાળા મીનીમમ વેજીસ જેટલી આવક મેળવતા હોય તેવું અનુમાન કરી શકાય છે. જેથી એબલ બોડીનો સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે.

(૧૧.૩) ***Hon'ble Delhi High Court** in the case of **Chander Parkash Versus Shila Rani** reported in **1968 (0) AIJEL-DL 1300487** held as under:*

> ***"an able-bodied young man has to be presumed to be capable of earning sufficient money so as to be able reasonably to maintain his wife and child and he cannot be heard to say that he is not in a position to earn enough to be able to maintain them according to the family standard. It is for such able-bodied person to show to the Court cogent grounds for holding that he is unable, for reasons beyound his control, to earn enough to discharge his legal obligation of maintaining his wife ard child. In the present case, as the husband has not frankly disclosed to the Court, as he ought, his allowances which he admittedly gets, the presumption would be easily permissible against him."***

(૧૧.૪) વધુમાં, આ સંદર્ભે **Hon'ble MADHYA PRADESH HIGH COURT in the case of *Durga Singh Lodhi Versus Prembai* reported in *1990 (0) AIJEL-MP 1406912* held as under:**

> ***"An able bodied person, in our opinion, must be held as having sufficient means to maintain and it will always be for such a person to prove to the contrary. The view taken by the Delhi High Court, in Chander Prakash V/s. Shila Rani, AIR 1968 Del 174 in this regard, is that an able bodied young man must be presumed to be capable of earning sufficient money so as to be able to reasonably maintain***

***his wife and child and he cannot be heard to say that he is not in a position to earn enough to be able to maintain them according to the family standard. It is for such able bodied person to show to the Court cogent grounds for holding that he is unable, for reasons beyond his control to earn 'enough to discharge his legal obligation of maintaining his wife and child.*** ***We are, therefore, of the firm opinion that a person cannot avoid his liability under S.125 (1), Cr. P. C. merely because he has no tangible real property or income, but is otherwise able bodied and healthy and has capacity to earn. The presumption should be that such an able bodied and healthy person has capacity to earn. The presumption should be that such an able bodied healthy person is possessed of sufficient means and it is for him to show that by accident, disease or the conditions of labour market or otherwise, he is not capable of earning anything."***

**(૧૧.૫)** આમ, ઉપરોકત સિધ્ધાંત નજર સમક્ષ રાખતા, સામાવાળાને ભલે કોઈ આવક ન હોય તેમ છતાં તેઓ ઉપરોકત ચુકાદાઓમાં દર્શાવેલ એબલ બોડીના સિધ્ધાંત મુજબ ભરણપોષણ ચુકવવા જવાબદાર બને છે. *આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતાં, સામાવાળાના પાસે આવકના પુરતા સાધનો હોવાનું પુરવાર થાય છે જેથી મુદા નં.૩ નો જવાબ ''હકારમાં'' આપવામાં આવે છે.* જેથી હવે સામાવાળાએ ચુકવવાની થતી ભરણપોષણની રકમ નકકી કરવાની રહે છે.

**(૧૨) મુદા નં.૪ : ભરણપોષણની રકમ નકકી કરવા અંગે પુરાવાનું વિશ્લેષણ:–**

**(૧૨.૧)** ભરણપોષણની રકમ નકકી કરતા સમયે કઈ બાબતો ધ્યાને રાખવાની રહેશે તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Rajnesh Versus Neha And Another reported in 2020 (0) AIJEL-SC 66659*** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

***"III. Criteria for determining quantum of maintenance:***

***(i) The objective of granting interim / permanent alimony is to ensure that the dependant spouse is not reduced to destitution or vagrancy on account of the failure of the marriage, and not as a punishment to the other spouse. There is no straitjacket formula for fixing the quantum of maintenance to be awarded.***

***The factors which would weigh with the Court inter alia are the status of the parties; reasonable needs of the wife and dependant children; whether the applicant is educated and professionally qualified; whether the applicant has any independent source of income; whether the income is sufficient to enable her to maintain the same standard of living as she was accustomed to in her matrimonial home; whether the applicant was employed prior to her marriage; whether she was working during the***

***subsistence of the marriage; whether the wife was required to sacrifice her employment opportunities for nurturing the family, child rearing, and looking after adult members of the family; reasonable costs of litigation for a non-working wife.****[6]*

*In Manish Jain vs. Akanksha Jain, (2017) 15 SCC 801 this Court held that the financial position of the parents of the applicant-wife, would not be material while determining the quantum of maintenance. An order of interim maintenance is conditional on the circumstance that the wife or husband who makes a claim has no independent income, sufficient for her or his support. It is no answer to a claim of maintenance that the wife is educated and could support herself. The court must take into consideration the status of the parties and the capacity of the spouse to pay for her or his support. Maintenance is dependent upon factual situations; the Court should mould the claim for maintenance based on various factors brought before it.*

***On the other hand, the financial capacity of the husband, his actual income, reasonable expenses for his own maintenance,***

***and dependant family members whom he is obliged to maintain under the law, liabilities if any, would be required to be taken into consideration, to arrive at the appropriate quantum of maintenance to be paid. The Court must have due regard to the standard of living of the husband, as well as the spiralling inflation rates and high costs of living.*** ***The plea of the husband that he does not possess any source of income ipso facto does not absolve him of his moral duty to maintain his wife if he is able bodied and has educational qualifications. Reema Salkan vs. Sumer Singh Salkan (2019) 12 SCC 303.***

***(ii)*** ***A careful and just balance must be drawn between all relevant factors.***

***The test for determination of maintenance in matrimonial disputes depends on the financial status of the respondent, and the standard of living that the applicant was accustomed to in her matrimonial home. Chaturbhuj vs. Sita Bai (2008) 2 SCC 316.***

***The maintenance amount awarded must be reasonable and realistic, and avoid either of the two extremes i.e. maintenance awarded to the wife should neither be so extravagant which becomes***

***oppressive and unbearable for the respondent, nor should it be so meagre that it drives the wife to penury. The sufficiency of the quantum has to be adjudged so that the wife is able to maintain herself with reasonable comfort.***

***(iii)*** ***xxxx***

***(iv) Section 20(2) of the D. V. Act provides that the monetary relief granted to the aggrieved woman and / or the children must be adequate, fair, reasonable, and consistent with the standard of living to which the aggrieved woman was accustomed to in her matrimonial home.***

***(v)*** ***The Delhi High Court in Bharat Hedge vs. Smt. Saroj Hegde, 140 (2007) DLT 16*** ***laid down the following factors to be considered for determining maintenance :***

> ***"1. Status of the parties.***
>
> ***2. Reasonable wants of the claimant.***
>
> ***3. The independent income and property of the claimant.***
>
> ***4. The number of persons, the non-applicant has to maintain.***
>
> ***5. The amount should aid the applicant to live in a similar lifestyle as he/she enjoyed in the matrimonial home.***
>
> ***6. Non-applicant's liabilities, if any.***
>
> ***7. Provisions for food, clothing, shelter, education, medical attendance and treatment etc. of the applicant.***

***8. Payment capacity of the non-applicant.***

***9. Some guess work is not ruled out while estimating the income of the non-applicant when all the sources or correct sources are not disclosed.***

***10. The non-applicant to defray the cost of litigation.***

***11. The amount awarded u/s 125 Cr.PC is adjustable against the amount awarded u/ 24 of the Act."***

***(vi) Apart from the aforesaid factors enumerated hereinabove, certain additional factors would also be relevant for determining the quantum of maintenance payable."***

**(૧૨.૨)** ભરણપોષણની રકમ નકકી કરવા અંગે એવો સિધ્ધાંત છે કે, ભરણપોષણની રકમ એવી હોવી ન જોઈએ કે પત્ની આરામ કરી પતિથી દુર રહી શકે અને તેટલી ઓછી ન પણ હોવી જોઈએ કે પોતાની પાયાની વસ્તુઓ પણ ન મેળવી શકે. ભરણપોષણની રકમ નકકી કરતી વખતે કોર્ટે જે દૈનિક ચીજ વસ્તુઓના ભાવની ન્યાયિક નોંધ લેવી જોઈએ અને આ રકમ સામાવાળાની આવક અને સામાવાળાની જવાબદારી ધ્યાને લેતાં નકકી કરવી જોઈએ. આ કામે સામાવાળાની આવક માટે ન્યુનતમ મજુરી મુજબ ગણવાની રહે છે. આવા સંજોગોમાં કોર્ટ દવારા અનુમાન કરી સામાવાળાની આવકની ગણતરી કરવાની રહે છે. આ કામે અરજદાર તથા સગીર બાળકોની તરફેણમાં ભરણપોષણનો હુકમ કરતા સમયે તેઓના કપડાં લતા, દૈનિક ચીજવસ્તુઓ, દવાઓનો થતો ખર્ચ ધ્યાને લઈ શકાય. તેમજ પક્ષકારો રૂરલ બેકગ્રાઉન્ડના છે. આવા સંજોગોમાં પક્ષકારોની પરિસ્થિતિને ધ્યાને લઈ અરજદાર નં.૧ પત્નીની તરફેણમાં માસિક રૂા.૨,૫૦૦/- તેમજ અરજદાર નં.૨ સગીર બાળક કૃષ્ણાભાઈ નાઓની તરફેણમાં માસિક રૂા.૧,૦૦૦/- તથા અરજદાર નં.૩ સગીર લક્ષ્મણભાઈ નાઓની તરફેણમાં રૂા.૧,૦૦૦/- મળી ત્રણેય અરજદારોના કુલ રૂા.૪,૫૦૦/- નો હુકમ કરવામાં આવે તો

તે વ્યાજબી તથા ન્યાયિક ગણાશે. વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતના ''રજનીશ વિરૂધ્ધ નેહા'' ના ચુકાદા મુજબ, અરજદારની તરફેણમાં જો અન્ય કોઈ કાયદા નીચે ભરણપોષણનો હુકમ થશે તો તે સમયે આ અરજી અન્વયે ચુકવાતી ભરણપોષણની રકમ ધ્યાને લેવાની રહેશે અને તે મજરે આપવાની રહેશે. જેથી *અરજદાર તથા બંને સગીર બાળકો સંયુકત રીતે સામાવાળા પાસેથી માસિક રૂ.૪,૫૦૦/- ભરણપોષણ પેટે મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.* ***<u>આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતાં, મુદા નં.૪ નો જવાબ ''અંશત: હકારમાં'' આપવામાં આવે છે અને મુદા નં.૫ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.</u>***

## <u>:: આ ખ રી હુ ક મ ::</u>

(૧) અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૧૪૪ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫) અન્વયે આ કામના સામાવાળાએ અરજદાર નં.૧ પત્નીની તરફેણમાં માસિક રૂ.૨,૫૦૦/- (બે હજાર પાંચ સો પુરા) તથા અરજદાર નં.૨ સગીર કૃષ્ણાભાઈ નાઓની તરફેણમાં માસિક રૂ.૧,૦૦૦/- (એક હજાર પુરા) તથા અરજદાર નં.૩ સગીર લક્ષ્મણભાઈ નાઓની તરફેણમાં માસિક રૂ.૧,૦૦૦/- (એક હજાર પુરા) મળી કુલ રૂ.૪,૫૦૦/-(ચાર હજાર પાંચસો પુરા) અરજી કર્યા તારીખથી ચડયેચડયા ભરણપોષણ પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જો અરજદારે કોઈ અન્ય કાયદા હેઠળ ભરણપોષણ મેળવવા અરજી કરેલ હોય તો હાલની અરજીની રકમ તેમાંથી મજરે આપવાની રહેશે.

(૩) બંને સગીર બાળકોની તરફેણમાં કરાયેલ ઉપરોકત ભરણપોષણનો હુકમ તેઓ પુખ્તવયના યાને ૧૮ વર્ષની વયના થાય ત્યાં સુધી જ અમલમાં રહેશે.

**(૪)** સામાવાળાએ હાલની અરજીના ખર્ચ પેટે અરજદારને અલગથી રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આ હુકમની એક નકલ અરજદારને વિના મૂલ્યે આપવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ઉચ્છલ.
તા. : ૨૭/૦૭/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઈ ગોહેલ)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ઉચ્છલ, જી.તાપી.
જજ કોડ નં.જીજે૦૧૭૧૪